# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-01-2025** **Evening: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

**આકાશવાણી સમાચાર હીના મોદી વાંચે છે.**

****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતીમાં કર્તવ્ય પથ પરથી પ્રજાસત્તાક દિને તિરંગો ફરકાવીને ઉજવણી કરી

2) આજના પ્રજાસત્તાક પર્વ નિમિત્તે વિશ્વભરના અનેક નેતાઓએ પ્રધાનમંત્રીને પ્રજાસત્તાક પર્વની શુભકામનાઓ પાઠવી

3) માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે નવી દિલ્હીના આકાશવાણી ભવનમાં 76મા પ્રજાસત્તાક દિવસની પરેડ માટે ઉપસ્થિત થયેલા ખાસ મહેમાનો સાથે વાતચીત કરી

4) યુનાઇટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ USAIDએ બાંગ્લાદેશના તમામ સહાય કાર્યક્રમો સ્થગિત કર્યા

5) અન્ડર-19 મહિલા ક્રિકેટ વિશ્વકપમાં ભારતે બાંગ્લાદેશને આઠ વિકેટે હરાવ્યું

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PRESIDENT FLAG HOSTING

આજે રાષ્ટ્ર 76મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરી રહ્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં કર્તવ્ય પથ પરથી પ્રજાસત્તાક દિવસની ઉજવણીનું નેતૃત્વ કર્યું હતું.

સમારોહની શરૂઆત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકની મુલાકાતથી થઈ, જ્યાં તેમણે શહીદ નાયકોને પુષ્પાંજલિ અર્પણ કરીને શ્રદ્ધાંજલિ આપી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પરેડમાં મુખ્ય મહેમાન રહેલા ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો સાથે એક બગીમાં કર્તવ્ય પથ પર પહોંચ્યા. રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો, ત્યારબાદ 105-મીમી લાઇટ ફિલ્ડ ગનનો ઉપયોગ કરીને 21 તોપોની સલામી સાથે રાષ્ટ્રગીતનું ગાન થયું હતું

દેશના વિવિધ ભાગોમાંથી સંગીતનાં સાધનો સાથે 'સારે જહાં સે અચ્છા' વગાડતા 300 સાંસ્કૃતિક કલાકારો દ્વારા પરેડની શરૂઆત કરવામાં આવી. ધ્વજ ફોર્મેશનમાં 129 હેલિકોપ્ટર યુનિટના Mi-17 1V હેલિકોપ્ટર દ્વારા આકાશમાંથી પુષ્પવર્ષા કરવામાં આવી હતી

કર્તવ્ય પથ પર ટેન્ક T-90 (ભીષ્મ), NAG મિસાઇલ સિસ્ટમ સાથે BMP-2 સારથ, બ્રહ્મોસ, પિનાક મલ્ટી-લોન્ચર રોકેટ સિસ્ટમ, અગ્નિબાન મલ્ટી-બેરલ રોકેટ લોન્ચર, આકાશ વેપન સિસ્ટમ, ઇન્ટિગ્રેટેડ બેટલફિલ્ડ સર્વેલન્સ સિસ્ટમ, ઓલ-ટેરેન વ્હીકલ (ચેતક) અને લાઇટ સ્પેશિયાલિસ્ટ વ્હીકલ (બજરંગ) પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.દિલ્હીની સાથે સમગ્ર દેશમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરાઈ.

# PM TWEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2025 ના પ્રજાસત્તાક દિવસ ઉજવણીના દૃશ્યો શેર કરતા તેને ભારતની વિવિધતામાં એકતાનું જીવંત પ્રદર્શન ગણાવ્યું. તેમણે ઉમેર્યું કે ભવ્ય પરેડમાં સાંસ્કૃતિક વારસો અને લશ્કરી પરાક્રમનું પ્રદર્શન કરવામાં આવ્યું છે.

સોશિયલ મીડિયા X પર અલગ અલગ પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું:

“પ્રજાસત્તાક દિવસ ઉજવણી 2025ની ઝલક...

ભારતની વિવિધતામાં એકતાનું જીવંત પ્રદર્શન. ભવ્ય પરેડમાં સાંસ્કૃતિક વારસો અને લશ્કરી પરાક્રમનું પ્રદર્શન કરવામાં આવ્યું. જીવંત ટેબ્લો આપણા રાજ્યોની સમૃદ્ધ પરંપરાઓનું પ્રતિનિધિત્વ કરે છે.”

“કર્તવ્ય પથ પર સવાર ખરેખર યાદગાર હતી.”

# PM-REPUBLIC DAY GREETINGS

વિવિધ દેશોના નેતાઓએ ભારતને તેના 76મા પ્રજાસત્તાક દિવસ પર અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઇઝુએ તેમની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી અને કહ્યું કે માલદીવ હંમેશા ભારત સાથે મિત્રતા અને સહયોગના મજબૂત બંધનોને જાળવી રાખશે, જે પરસ્પર વિશ્વાસ, આદર અને સમજણ પર આધારિત છે. તેના જવાબમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે તેઓ બંને દેશો વચ્ચે લાંબા સમયથી ચાલતી ભાગીદારી અંગેની તેમની લાગણીને સંપૂર્ણપણે શેર કરે છે.

ભૂટાનના પ્રધાનમંત્રી શેરિંગ ટોબગેએ તેમના સંદેશમાં કહ્યું કે ભારતની એકતા અને દ્રષ્ટિની ભાવના નોંધપાત્ર સિદ્ધિઓને આગળ ધપાવી રહી છે અને વિશ્વને પ્રેરણા આપી રહી છે. તેમના સંદેશનો જવાબ આપતા, પ્રધાનમંત્રી મોદીએ શ્રી ટોબગેનો આભાર માન્યો અને ભારત અને ભૂટાન વચ્ચેની અનોખી અને ખાસ ભાગીદારી પર પ્રકાશ પાડ્યો.

નેપાળના પ્રધાનમંત્રી કેપી શર્મા ઓલીએ આ પ્રસંગે શુભેચ્છાઓ પાઠવી અને કહ્યું કે લોકશાહી અને રાષ્ટ્રીય એકતાના આદર્શો બંને રાષ્ટ્રો વચ્ચે મિત્રતાના ગાઢ સંબંધોને પ્રોત્સાહન આપશે. તેમના સંદેશનો જવાબ આપતા, શ્રી મોદીએ તેમનો આભાર માન્યો અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે આવનારા સમયમાં આ સંબંધ વધુ મજબૂત બનશે.

# ASHWINI VAISHNAV

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે નવી દિલ્હીના આકાશવાણી ભવનમાં 76મા પ્રજાસત્તાક દિવસની પરેડ માટે ખાસ મહેમાનો સાથે વાતચીત કરી. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના મન કી બાત કાર્યક્રમમાં સમાજ માટે અથાક મહેનત કરવા બદલ ખાસ મહેમાનોનો ઉલ્લેખ કર્યો હતો. આકાશવાણી ન્યૂઝ સાથે ખાસ વાત કરતા શ્રી વૈષ્ણવે જણાવ્યું કે પ્રધાનમંત્રી મોદીએ તેમના મન કી બાત કાર્યક્રમ દ્વારા લોકો દ્વારા કરવામાં આવતા પ્રેરણાદાયી કાર્યનો ઉલ્લેખ કર્યો હતો.

**(બાઇટ- અશ્વિનિ વૈષણવ, કેન્દ્રીય મંત્રી)**

પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત સેહગલ, આકાશવાણીના મહાનિર્દેશક ડૉ. પ્રજ્ઞા પાલીવાલ ગૌર અને દૂરદર્શનના મહાનિર્દેશક કંચન પ્રસાદ પણ આ પ્રસંગે હાજર હતા.

# PENSION SCHEME

કેન્દ્ર સરકારે યુનિફાઇડ પેન્શન સ્કીમ, UPS ના અમલીકરણની સત્તાવાર સૂચના આપી છેસરકારે ગયા વર્ષે ઓગસ્ટમાં કેન્દ્ર સરકારના . કર્મચારીઓ માટે રાષ્ટ્રીય પેન્શન સિસ્ટમ હેઠળ એક વિકલ્પ તરીકે યુનિફાઇડ આ યોજના આ વર્ષે .પેન્શન સ્કીમ રજૂ કરી હતી1 એપ્રિલથી અમલમાં આવશે . ગઈકાલે જારી કરાયેલા નોટિફિકેશનમાં જણાવાયુંછે કે UPS એ કેન્દ્ર સરકારના કર્મચારીઓને લાગુ પડશે જેઓ રાષ્ટ્રીય પેન્શન સિસ્ટમ હેઠળ આવરી લેવામાં આવ્યા છે અને જેઓ NPS હેઠળ આ વિકલ્પ પસંદ કરે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છોઆ સમાચાર . આપ અમારીYoutube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ . સમાચાર માટેઅમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# TELANGANA ACCIDENT

તેલંગાણામાં, લોખંડના સામાનથી ભરેલી એક ટ્રકમાંથી સળિયા બે ઓટો-રિક્ષાઓ પર પડતાં પાંચ લોકોના મોત થયાં હતાં અને છ અન્ય ઇજાગ્રસ્ત થયા હતા. વારંગલ જિલ્લામાં મામુનુરુ હાઇવે નજીક લોખંડના સળિયા ભરીને જઇ રહેલી ટ્રકમાં સળિયાનો બાંધેલુ દોરડ઼ુ તૂટી જતા સળિયા પાછળ આવી રહેલી બે ઓટો રિક્ષાઓ ઉપર પડયા હતા. ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટના સ્થળે ધસી ગઇ હતી.

આ દરમિયાન, મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ જિલ્લા અધિકારીઓને ઘાયલોને વધુ સારી તબીબી સુવિધાઓ આપવા માટે તંત્રને આદેશ કર્યો હતો.

# PIYUSH GOYAL VISIT OMAN

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ, 27-28 જાન્યુઆરી દરમિયાન ઓમાનના પ્રવાસે જશે .તેઓ ઓમાનના વાણિજ્ય, ઉદ્યોગ અને રોકાણ પ્રમોશન મંત્રી કૈસ બિન મોહમ્મદ બિન મુસા અલ-યુસેફ સાથે 11મી સંયુક્ત કમિશન મીટિંગમાં હાજરી આપશે.

વાણિજ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, “મુલાકાત દરમિયાન બંને નેતાઓ વેપાર અને રોકાણ તથા વૈશ્વિક આર્થિક પરિસ્થિતિ પર વ્યાપક ચર્ચા કરશે. ફિક્કી અને ઓમાન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી વચ્ચે સંયુક્ત વ્યાપાર પરિષદની બેઠકમાં મંત્રી સાથે એક વ્યાપાર પ્રતિનિધિમંડળ પણ ઓમાન જશે.”

મુલાકાત દરમિયાન, તેઓ ઓમાનના નાણામંત્રી અને સીઈપીએ માટે મંત્રી સમિતિના અધ્યક્ષ સુલતાન બિન સલીમ અલ હબ્સી, સ્પેશિયલ ઇકોનોમિક ઝોન્સ અને ફ્રી ઝોન્સ માટે જાહેર સત્તામંડળના અધ્યક્ષ શેખ ડૉ .અલી બિન મસૂદ અલ સુનૈદીને મળવા ઉપરાંત, ઓમાનના ઉદ્યોગના પ્રતિનિધિઓ અને ભારતીય સમુદાય સાથે પણ વાતચીત કરશે.

# JAYSHANKAR ON AUS DAY

વિદેશ મંત્રી ડૉ .એસ .જયશંકરે, તેમના સમકક્ષ પેની વોંગને 'ઓસ્ટ્રેલિયા દિવસ' પર અભિનંદન પાઠવ્યા

ઓસ્ટ્રેલિયા દિવસ દર વર્ષે 26 જાન્યુઆરીએ ઉજવવામાં આવે છે .જે 1778માં બ્રિટનના યુનિયન ધ્વજ સાથે સિડની પહોંચેલ પ્રથમ કાફલાના આગમનનું પ્રતિનિધિત્વ કરે છે,

વિદેશ મંત્રી એસ જયશંકરે, ભારત-ઓસ્ટ્રેલિયા વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીમાં સતત વૃદ્ધિની પ્રશંસા કરી છે .તેમણે કહ્યું કે, તેનાથી બંને દેશોના લોકોને ફાયદો થઈ રહ્યો છે અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં શાંતિ અને સ્મૃતિને પ્રોત્સાહન મળી રહ્યું છે.

આ ક્રમમાં પેની વોંગે, ડૉ .એસ .જયશંકર અને ભારતના લોકોને ગણતંત્ર દિવસની શુભેચ્છા પાઠવી છે .તેમણે કહ્યું છે કે, ઓસ્ટ્રેલિયા ભારત સાથે મળીને એક શાંતિપૂર્ણ અને સ્થિર ક્ષેત્રને આગળ વધારવા માટે કાર્ય કરતું રહેશે.

# AMIT SHAH PRAYAGRAJ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે સંગમમાં ડૂબકી લગાવ્યા પછી શંકરાચાર્યોને મળશે. શ્રી અમિત શાહ, આવતીકાલે સવારે 11:25 વાગ્યે પ્રયાગરાજ પહોંચશે. ગૃહમંત્રી સાથે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ હાજર રહેશે.

સંગમમાં ડૂબકી લગાવ્યા પછી ગૃહમંત્રી, બડે હનુમાનજી મંદિર અને અભયવટ ના દર્શન કરશે. આ પછી, તેઓ જુના અખાડામાં મહારાજ અને અન્ય સંતોને મળશે અને તેમની સાથે ભોજન કરશે.

ત્યાંથી તેઓ ગુરુ શરણાનંદના આશ્રમમાં જશે અને ગુરુ શરણાનંદ તથા ગોવિંદ ગિરિ મહારાજને મળશે. મુલાકાતના અંતે તેઓ શ્રૃંગેરી, પુરી અને દ્વારકાના શંકરાચાર્યોને મળશે. મીડિયા સેન્ટર દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર, ગૃહમંત્રી સાંજે 6:40 વાગ્યે પ્રયાગરાજથી દિલ્હી જવા રવાના થશે.

# USAID-BANGLADESH

યુનાઇટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ ,USAIDએ બાંગ્લાદેશમાં તમામ સહાય કાર્યક્રમો સ્થગિત કર્યા છે.

બાંગ્લાદેશમાં તેના તમામ અમલીકરણ ભાગીદારોને મોકલવામાં આવેલા પત્રમાં, યુએસ દાતા એજન્સી USAID એ ગઈકાલે કરારો, કાર્ય આદેશો, અનુદાન, સહકારી કરારો, અથવા અન્ય સંપાદન અથવા સહાય સાધન હેઠળ બાંગ્લાદેશમાં કોઈપણ કાર્ય તાત્કાલિક બંધ કરવા અને સ્થગિત કરવાનો નિર્દેશ આપ્યો છે.

શુક્રવારે અગાઉ, યુનાઇટેડ સ્ટેટ્સે લગભગ બધી વિદેશી સહાય સ્થગિત કરી દીધી હતી, જેમાં ફક્ત કટોકટી ખોરાક અને ઇઝરાયલ અને ઇજિપ્ત માટે લશ્કરી ભંડોળ માટે અપવાદો હતા. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વિદેશ નીતિ સાથે સુસંગતતામાં, યુનાઇટેડ સ્ટેટ્સ ફોરેન એઇડના પુનર્મૂલ્યાંકન અને પુનર્ગઠનના ભાગ રૂપે આ કાર્યવાહી કરવામાં આવી છે.

આ અચાનક નિર્ણયથી બાંગ્લાદેશમાં કાર્યરત યુએસ-ફંડેડ બિન-સરકારી સંસ્થાઓ સહિત વિવિધ યોજનાઓને અસર થઈ છે.

આદેશના સંભવિત પરિણામો બાંગ્લાદેશ માટે અસર કરનારા બાંગ્લાદેશમાં USAID કાર્યક્રમ  હેઠળ કેટલાક સૌથી મહત્વપૂર્ણ ખાદ્ય સુરક્ષા અને આરોગ્ય કાર્યક્રમો, વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ લોકશાહી અને શાસન, મૂળભૂત શિક્ષણ અને પર્યાવરણીય પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

રોહિંગ્યા કટોકટીના પ્રતિભાવમાં USAID બાંગ્લાદેશમાં એક વિશાળ માનવતાવાદી સહાય પોર્ટફોલિયોનું પણ નિરીક્ષણ કરી રહી છે

# CRICKET U-19 WOMEN'S

કુઆલાલંપુરમાં આઇસીસી અંડર-19 મહિલા ટી-20 વિશ્વકપમાં ભારતે બાંગ્લાદેશને 8 વિકેટે હરાવ્યું. બાંગ્લાદેશે પ્રથમ બેટિંગ કરતાં ભારતને 65 રનનું લક્ષ્યાંક આપ્યું હતું. ભારતે 8મી ઓવરમાં 2 વિકેટ ગુમાવી 66 રન બનાવી જીત મેળવી. ભારત તરફથી વૈષ્ણવી શર્માએ 3 વિકેટ લીધી.

અત્યાર સુધી ત્રણ મેચ જીતીને ભારત ગ્રુપ-એમાં સર્વોચ્ચ સ્થાને છે.